| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૬ / ૦૨ / ૨૦૨૩ | | |
| નોંધણી તારીખ | ૦૬ / ૦૨ / ૨૦૨૩ | | |
| **ફેંસલ તારીખ** | **૨૧ / ૦૭ / ૨૦૨૬** | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૫ | ૧૫ |

**આંક : ______**

## કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.

## <u>સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૨૨ / ૨૦૨૩</u>

<u>માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૬૨૩૦૨૭૩/૨૩</u>
ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ-૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>મૂળ ફરીયાદી : રાજેશગીરી રતીગીરી મેઘનાથી,<br>રહે.અકાળા(વિરડી), તા.માળીયા હાટીના. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર |
| આરોપી પક્ષ | વિશાલ ગોગનભાઈ ચૌહાણ,<br>ઉ.વ. : ૨૨, ધંધો : મજુરી,<br>રહે.અમરાપુર, તા.માળીયા હાટીના. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી એસ. ડી. ચાવડા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૯/૦૮/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૦૮/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૦૯/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ૩૧/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | વિશાલ ગોગનભાઈ ચૌહાણ | ૧૧/૦૮/૨૩ | ૨૧/૧૦/૨૩ | ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ | છોડી મુકયા | –– | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૯–૦૮–૨૦૨૩ના રોજ સાંજના આશરે ૫:૩૦ વાગ્યાના અરસામાં માળીયા હાટીના એસ.ટી. બસ સ્ટેશન પાસેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'પી', ઉંમર ૧૬ વર્ષ ૦૭ માસ વાળીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી માળીયા હાટીના રેલ્વે સ્ટેશને લઈ જઈ, ત્યાં થી ટ્રેનમાં રાજકોટ થઈ અમદાવાદ લઈ જઈ અને અમદાવાદ થી પરત રાજકોટ, જુનાગઢ થઈ તા.૧૧–૦૮–૨૦૨૩ના રોજ કેશોદ થી માળીયા હાટીના લઈ જઈ, તેમજ તે અગાઉ આશરે ચારેક મહિનાના સમયગાળા દરમ્યાન આરોપીએ ભોગ બનનારને માળીયા હાટીનાથી ગળોદર જતા રસ્તે રેન્જ ફોરેસ્ટ અધિકારીની વન

વિભાગની ઓફિસની પાછળના ભાગે અવાવરૂ જગ્યામાં બાવળના ઝાડ નીચે ખુલ્લી જમીનમાં સુવડાવી ચાર વખત શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ગુન્હો કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસે તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે હાલના સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૨/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપી સામે આંક–૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી,તથા આંક–૨૧ થી આરોપીની પ્લી લેતાં, તેમાં આરોપીએ ગુન્હાની કબુલાત કરેલ નથી, તેથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાજેશગીરી રતીગીરી મેઘનાથીની જુબાની | ૨૫ |
| ૨ | ભોગ બનનાર 'પી' D/o. રાજેશગીરી મેઘનાથીની જુબાની | ૨૭ |
| ૩ | ત.ક.અધિકારી સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાની જુબાની | ૬૫ |

## (બ) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૬ |
| ૨ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૨૮ |
| ૩ | ભોગ બનનારના સ્કૂલ લીવીંગ સર્ટીની નકલ | ૨૯ |
| ૪ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૩૦ |
| ૫ | તપાસ સોંપણી યાદી | ૩૧ |
| ૬ | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૩૨ |
| ૭ | ગુન્હા બાબતે ત.ક.અધિકારીને કરેલ ઈ–મેઈલ મેસેજ | ૩૩ |
| ૮ | તપાસ સંભાળવા બાબતે કરેલ રીપોર્ટ | ૩૪ |
| ૯ | બનાવ વાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૩૫ |
| ૧૦ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૩૬ |
| ૧૩ | ભોગ બનનારની શરીરસ્થિતિ તથા તેણીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૭ |
| ૧૪ | પંચો ફાળવ્યા બાબતે ટી.ડી.ઓ.નો કચેરી આદેશ | ૩૮ |
| ૧૫ | આરોપીને અટક કર્યા તથા તેના કપડા અને મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૩૯ |
| ૧૬ | મેડીકલ તપાસણી સ્ત્રી ડોકટર પાસે કરાવવા બાબતે ભોગ બનનારની અરજીની નકલ | ૪૦ |
| ૧૭ | તબીબી તપાસણી બાબતે સી.એચ.સી. માળીયાની યાદીની નકલ | ૪૧ |
| ૧૮ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૪૨ |

| | | |
|---|---|---|
| ૧૯ | ભોગ બનનારનો મેડીકો–લીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૪૩ |
| ૨૦ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ્સ મોકલ્યાની તબીબી યાદીની નકલ | ૪૪ |
| ૨૧ | આરોપીની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૪૫ |
| ૨૨ | આરોપીનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ | ૪૬ |
| ૨૩ | નિયત નમુના મુજબનું આરોપીનું મેડીકલ સર્ટી આપવા બાબતે ત.ક.અધિકારીએ તબીબશ્રીને કરેલ યાદી | ૪૭ |
| ૨૪ | આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ તે સ્થાનિક જગ્યાનું પંચનામું | ૪૮ |
| ૨૫ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર તથા રેકર્ડની નકલ મેળવવા ત.ક.અધિકારીએ તલાટી મંત્રી અકાળાને કરેલ યાદી | ૪૯ |
| ૨૬ | ભોગ બનનારની જન્મ નોંધ થયેલ ન હોવા બાબતે તલાટી મંત્રી અકાળાનો પત્ર | ૫૦ |
| ૨૭ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર તથા રેકર્ડની નકલ મેળવવા ત.ક.અધિકારીએ તલાટી મંત્રી ગડુને કરેલ યાદી | ૫૧ |
| ૨૮ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૫૨ |
| ૨૯ | જન્મ નોંધણી રજીસ્ટરના લગત પાનાની નકલ | ૫૩ |
| ૩૦ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ્સ કબજે કર્યાનું પંચનામું | ૫૪ |
| ૩૧ | આરોપીના મેડીકલ સેમ્પલ્સ કબજે કર્યાનું પંચનામું | ૫૫ |
| ૩૨ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે પોલીસ યાદી | ૫૬ |
| ૩૩ | ભોગ બનનારના નિવેદનની નકલનું કવર મોકલ્યા બાબતે માળીયા કોર્ટનો પત્ર | ૫૭ |

| | | |
|---|---|---|
| ૩૪ | મુદ્દામાલ રવાનગી યાદી | ૫૮ |
| ૩૫ | એફ.એસ.એલ.ની પહોંચ | ૫૯ |
| ૩૬ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૬૦ |
| ૩૭ | એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ | ૬૧ |
| ૩૮ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૬૨ |
| ૩૯ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૬૩ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૬૬ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે, તેઓ નિર્દોષ છે તેમ જણાવેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ. ડી. ચાવડાની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી એ તા.૦૯–૦૮–૨૦૨૩ના રોજ સાંજના આશરે ૫:૩૦ વાગ્યાના અરસામાં માળીયા હાટીના એસ.ટી. બસ સ્ટેશન પાસેથી આ કામ ના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'પી', ઉંમર ૧૬ વર્ષ ૦૭ માસ વાળીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી ભગાડી માળીયા હાટીના રેલ્વે સ્ટેશને લઈ જઈ, ત્યાંથી ટ્રેનમાં રાજકોટ થઈ અમદાવાદ લઈ જઈ અને અમદાવાદ થી પરત રાજકોટ, જુનાગઢ થઈ તા.૧૧–૦૮–૨૦૨૩ના રોજ કેશોદ થી માળીયા હાટીના લઈ જઈ, તેમજ તે અગાઉ આશરે ચારેક મહિનાના સમયગાળા દરમ્યાન આરોપીએ ભોગ બનનારને માળીયા હાટીનાથી ગળોદર જતા રસ્તે રેન્જ ફોરેસ્ટ અધિકારીની વન વિભાગની ઓફિસની પાછળના ભાગે અવાવરૂ જગ્યામાં બાવળના ઝાડ નીચે ખુલ્લી જમીનમાં સુવડાવી ચાર વખત શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર 'એ' સગીર વયની છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક-૨૯ થી ભોગ બનનાર 'પી'ના શાળા છોડયાના પ્રમાણ-પત્રની નકલ તથા આંક-૫૨ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૫-૧૨-૨૦૦૬ દર્શાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો હાલનો બનાવ તા.૦૯-૦૮-૨૦૨૩ ના રોજ તથા તે અગાઉના ચાર માસ દરમ્યાન બનવા પામેલ છે. બનાવ વખતે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૭ માસ હોવાનું જણાવેલ છે. અન્ય તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ ભોગ બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે વખતે ૧૬ વર્ષ ૦૭ માસ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત આધારભૂત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી, એટલે કે, ૧૬ વર્ષની સગીર વય હોવાનું ફલીત થાય છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર

ન હતી તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. ઉપરોકત તમામ હકીકતો ને મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક–૨૯ થી રજુ ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્ર તથા આંક–પર થી રજુ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનાર સગીર છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષ ૦૭ માસની હોવાનું ફલીત થાય છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી રાજેશગીરી રતીગીરી મેઘનાથીને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અકાળા(વીરડી), તા.માળીયા મુકામે તેમના કુટુંબ પરિવાર સાથે રહે છે, તેમને અકાળા ગામે ખેતીની જમીન છે, તેમને સંતાનમાં ભોગ બનનાર દિકરી 'પી' છે, જેની બનાવ સમયે ઉંમર ૧૭ વર્ષ હતી, પુત્ર રૂદ્રગીરી અને પત્નિ અલ્પાબેન છે. તેમની ભોગ બનનાર દિકરી ૨૦૨૩માં માળીયા સરકારી હાઈસ્કુલમાં અભ્યાસ કરતી અને માળીયા મુકામે તેઓના ઘરેથી અપ–ડાઉન કરતી.

સદર ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નહીં કે, તા.૦૯–૦૮–૨૦૨૩ના રોજ કોઈ બનાવ બનેલ હોય અને તેની જાણ તેમને કોઈએ કરેલ હોય અને ત્યારબાદ તેમની ભોગ બનનાર દિકરીને તેમના ગામમાં, કુટુંબમાં કે તાલુકામાં ગોતવા ગયેલ હોય અને તે મળી આવેલ ન હોય. એવું બનેલ નહીં કે, તેમની ભોગ બનનાર દિકરી તેની સાથે આધાર કાર્ડ, રેશન કાર્ડ અને જન્મ તારીખનો

દાખલો ભેગો લઈ ગયેલ. એવું પણ બનેલ નહીં કે, તેમના દિકરાએ ભોગ બનનાર દિકરીને કોઈ સાથે વાત કરતી જોયેલ હોય. અદાલતના રેકર્ડમાંથી તેઓને આ કામની ફરીયાદ બતાવતાં, જેમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૬ થી રજુ રાખેલ છે, તેમજ પોલીસે ફરીયાદ લીધા બાદ તેમનું વિશેષ નિવેદન નોંધેલ, હાલ તેમની ભોગ બનનાર દિકરીના લગ્ન થઈ ગયેલ છે અને તે બાલાગામ મુકામે તેના પતિ સાથે પત્ની દરજ્જે રહે છે.

આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપી તેમની દિકરીને ભગાડીને લઈ ગયેલ નથી, તેમજ ફરીયાદ પોલીસે તેની રીતે લખી લઈ તેમને સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલ.

આમ, સદર ફરીયાદી સાહેદનો ઉપરોકત આંક–૨૫ નો સરતપાસનો મૌખિક પુરાવો તથા આંક–૨૬ ની ફરીયાદ હકીકતો જોવામાં આવે તો, મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–૨૬ ની ફરીયાદ મુજબની કે પોતાના વિશેષ નિવેદન મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેઓની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી– ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ

આપી બદકામ કરવાના ઈરાદે તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જવામાં આવેલ હોય, કે તેણી સાથે શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામની ભોગ બનનાર 'પી' D/o. રાજેશગીરી મેઘનાથીને આંક-૨૭ થી તપાસવામાં આવેલ છે, તેણીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીં બનાવના અરસામાં અકાળા ગામે તેના માતા-પિતા સાથે રહેતી હતી અને ધોરણ-૧૦ માળીયા હાટીનાની સરકારી હાઈસ્કુલમાં ભણેલ હતી અને તે વખતે તેણી બાલાગામથી માળીયા હાટીના અપ-ડાઉન કરતી હતી. હાલનો બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો, તે દરમ્યાન તેને આરોપી વિશાલ ગોગન સાથે વાતચીત કરવાનો સબંધ બંધાયેલ અને તે બાદ તેઓ વચ્ચે પ્રેમ સબંધ બંધાયેલ.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, વિશાલ સાથે તેણીને મોબાઈલ ફોનમાં પણ તેના મમ્મી-પપ્પાની ગેરહાજરીમાં વાતચીત કરવાનું થતું હતું કે વોટસએપ કે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પણ તેઓ સંપર્કમાં થતા હોય. એવું બનેલ નથી કે, આ વિશાલ ચૌહાણ તેણીને કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય અને ત્યાં તેની મરજી વિરૂધ્ધ તેની સાથે શરીર સબંધ બાંધેલ હોય અને આવા બનાવ તેની સાથે બે થી ત્રણ વખત બનેલ હોય, આરોપી તેને કોઈ લાલચ આપીને ભગાડી ગયેલ હોય અને અલગ-અલગ જગ્યાએ લઈ ગયેલ હોય અને તે વખતે પણ તેની સાથે શરીર સબંધ બાંધેલ હોય.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, પોલીસ તેને દવાખાને લઈ ગયેલ હતી, જયાં ડોકટરે તેને તપાસેલી હતી. એવું બનેલ નથી કે,

તેને ડોકટર પાસે લઈ ગયેલ તે વખતે ડોકટરને તેણીએ આરોપીએ તેની સાથે તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલાનું જણાવેલ હોય. તેને નામદાર કોર્ટમાં લઈ ગયેલ, તે વખતે કોર્ટમાં નામદાર સાહેબે તેની પુછપરછ કરી નિવેદન નોંધેલ તેમ જણાવી તેણીએ પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૮ થી રજુ રાખેલ છે, અને વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેની બે વખતે પુછપરછ કરેલ હતી. બનાવ વખતે તેણીએ કપડા પહેરેલ હતા તે માંગતા તેણીએ આપેલ હતા. આ કામના આરોપી તેણી અભ્યાસ અર્થે તેના ઘરેથી માળીયા હાટીના જતી હતી તે સમયે ઈકો વાહનનું ડ્રાઈવીંગ કરતો હોય તેવું તેણીના ધ્યાનમાં આવેલ, જેથી તેને ઓળખે છે તેમ જણાવી તેણીએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદ પોતાના નિવેદન તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી હાલના આરોપી વિરૂધ્ધના ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીએ તેણી સાથે શરીર સબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી, તેમજ આરોપી તેને ભગાડી અમદાવાદ લઈ ગયેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસ મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને તેણી ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેણીને આરોપી

ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં લલચાવી–ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેણીના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જવામાં આવેલ હોય કે તેણી સાથે શારીરિક સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ, સદર ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાને આંક–૬૫ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ના અરસામાં તેઓ સી.પી.આઈ. માંગરોળ તરીકે ફરજ પર હતા, ત્યારે આ કામના ફરીયાદીની ફરીયાદ લીધા બાદ સદર ગુન્હાની તપાસ પી.એસ.આઈ.શ્રી બી.કે.ચાવડાએ કરેલ અને તેમની તપાસ દરમ્યાન હાલના ગુન્હાના કામે આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ),૬,૮,૧૨ મુજબનો ગુન્હો બનતો હોવાનું ખુલતા સદર કલમનો ઉમેરો તેઓ ધ્વારા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરવામાં આવેલ અને સદર કલમનો ઉમેરો થતાં સદર ગુન્હાની તપાસ તેઓની હકુમતની હોય, જેથી તેઓને સોંપવામા આવેલ હતી. તેઓએ તપાસ સં ભાળી તે વખતે અગાઉ થયેલ તપાસના કાગળોનો અભ્યાસ કરેલો. તેઓએ તેમની તપાસમાં ભોગ બનનાર તથા સાહેદોના નિવેદન નોંધેલા, તેમજ ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું પંચોએ જણાવેલ વિગતેનું કરી કપડા પંચનામાની વિગતે કબ્જે લીધેલા, બનાવ વાળી જગ્યાનું પંચનામુ બે પંચોને બોલાવી ભોગ બનનારે બતાવેલ જગ્યા જોઈને બન્ને પંચોએ જે હકીકત લખાવેલ તે મુજબ લખેલ હતું. વધુમાં, તેઓએ આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા વિશેષ નિવેદનમાં જણાવેલ હકીકતોને ભોગ બનનારે તેના નિવેદનમાં જણાવેલ

હકીકતોને પોતાની સરતપાસમાં રીફર કરી સમર્થન આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન તથા અગાઉની તપાસ વખતે પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો જે મુદ્દામાલ પૃથ્થકરણ કરવા યોગ્ય હતો તે મુદ્દામાલની રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલ.માં મોકલેલ અને તેની પહોંચ તથા રીપોર્ટ કામમાં સામેલ રાખેલ. તમામ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આઈ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ ચાર્જશીટ કરેલ.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે, કે પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી પાછળથી પંચોની સહીઓ લેવામાં આવેલ છે, કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર પોલીસ સાહેદ કે જેઓએ હાલના ગુન્હાના કામે પંચનામા કરી, સાહેદોના નિવેદન નોંધી, આરોપીને અટક કરી તેમજ અન્ય પુરાવા એકત્રીત કરી, તપાસના અંતે ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર સાહેદ તથા તેણીના પિતા–ફરીયાદી ધ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપવામાં આવેલ ન હોય, તેઓના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ હાલના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૩) આરોપી તરફે સંમતીથી આંક–૨૯ થી આંક–૬૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. પરંતુ, ખુદ ભોગ બનનાર સાહેદ તથા તેણીના

પિતા/ફરીયાદીએ આ અદાલત સમક્ષના તેઓના મૌખિક પુરાવામાં હાલના આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૪) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનાર સાહેદ 'પી' D/o. રાજેશગીરી મેઘનાથી તેમજ તેણીના પિતા–ફરીયાદી રાજેશગીરી રતીગીરી મેઘનાથીના મૌખિક પુરાવાથી હાલના આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને સદર ફરીયાદી તથા ખુદ ભોગ બનનાર જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ ફરીયાદીની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી–ફોસલાવી કે કોઈ લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, આરોપી ધ્વારા તેણી સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ફરીયાદ પક્ષના મહત્વ સાહેદોના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ–તપાસ કરનાર અમલદારના પુરાવાને પણ તપાસવામાં આવેલ સદર ફરીયાદી તથા ભોગ બનનારના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદોના મૌખિક પુરાવા ઉપર આધાર રાખી, આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૫) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક–૨૦ ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો ગુન્હો આરોપીએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧) આ કામના આરોપી વિશાલ ગોગનભાઈ ચૌહાણને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીના મોબાઈલ ફોન અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, તથા આ કામે કબજે કરવામાં આવેલ અન્ય નોન–

વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૧ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૨૧–૦૭–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશનલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM